સ્વચ્છ સર્વેક્ષણ 2021 મારું રાજકોટ સ્વચ્છ રાજકોટ

# રાજકોટ મહાનગરપાલિકા

"ડો.આંબેડકર ભવન", ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન : ૦૨૮૧-૨૨૨૧૬૦૭ મહેકમ શાખા (બીજો માળ, રૂમ નં.૧(અ))

-:અખબારી યાદી:-

## રાજકોટ મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્કની કુલ-૧૨૨ જગ્યાઓ માટેની લેખિત પરીક્ષાના મેરીટ લીસ્ટ મુજબ તા.૨૨/૦૧/૨૦૨૨ અને તા.૨૩/૦૧/૨૦૨૨ના રોજ ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ ટેસ્ટનું આયોજન

*પાત્રતા ધરાવતા ઉમેદવારોને ૧૦૦-૧૦૦ના સ્લોટમાં બોલાવવામાં આવેલ: જે માટે ઉમેદવારોને કોલ લેટર ડાઉનલોડ કરવા એસ.એમ.એસ.થી જાણ કરવામાં આવેલ છે*

તારીખ: ૧૮-૦૧-૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્ક ની કુલ-૧૨૨ જગ્યાઓ માટે તા.૨૪/૧૦/૨૦૨૧ના રાજ્યના કુલ-૦૬ કેન્દ્રો રાજકોટ, અમદાવાદ, સુરત, ગાંધીનગર, જુનાગઢ અને જામનગર ખાતે લેખિત પરીક્ષા લેવામાં આવેલ હતી આ લેખિત પરીક્ષાના કુલ ઉમેદવારો-૪૫,૩૯૭ નોંધાયેલ હતા. આ લેખિત પરીક્ષાના મેરીટ લીસ્ટ મુજબ તા.૨૨/૦૧/૨૦૨૨ અને તા.૨૩/૦૧/૨૦૨૨ના રોજ ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ ટેસ્ટનું આયોજન કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્ક સંવર્ગ ની લેખિત પરીક્ષા નું પરિણામ તા.૦૭/૦૧/૨૦૨૨નાં રોજ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ જગ્યાના કેટેગરી વાઈઝ મેરીટનાં અગ્રતાક્રમ ધરાવતા ઉમેદવારોનું મેરીટ લીસ્ટ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર તા.૧૧/૦૧/૨૦૨૨ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ જગ્યાઓનાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ ટેસ્ટનું આયોજન તા.૨૨/૦૧/૨૦૨૨ અને તા.૨૩/૦૧/૨૦૨૨ના રોજ શ્રી એ.વી.પારેખ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, હેમુ ગઢવી હોલ સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે જે અંગે પાત્રતા ધરાવતા ઉમેદવારોને ૧૦૦-૧૦૦ના સ્લોટમાં બોલાવવામાં આવેલ છે. જે માટે ઉમેદવારોને કોલ લેટર ડાઉનલોડ કરવા એસ.એમ.એસ.થી જાણ કરવામાં આવેલ છે.

ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ ટેસ્ટનું સંપૂર્ણ આયોજન મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાના આદેશ અને માર્ગદર્શન હેઠળ નાયબ મ્યુનિ. કમિશનરશ્રી આશિષ કુમાર, સહાયક કમિશનરશ્રી સમીર ધડુક, આસી. મેનેજરશ્રી વિપુલ ઘોણીયા તથા મહેકમ શાખા દ્વારા કરવામાં આવેલ છે જે અંગે કોવીડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરવામાં આવે તે રીતે ૧૦૦-૧૦૦ના સ્લોટમાં ઉમેદવારોને બોલાવવામાં આવેલ છે.

આસી.મેનેજર (મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા